




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 25 ■ તા. 21-06-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk


# વડાપ્રધાન મોદી ઓડિશાના પ્રવાસે, કરોડોના પ્રોજેક્ટ્સ કર્યા લોન્ચ





ભુવનેશ્વર, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઓડિશામાં ભાજપ સરકારના બે વર્ષ પૂરા થવાના અવસરે રાજ્યના મયૂરભંજ જિલ્લાના રાયરંગપુર પહોંચ્યા હતા. તેમણે અહીં ×વિકાસ રા ધારા, ઓડિશા સારા× કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને રૂ.૪૭૬૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને મુખ્યમંત્રી મોહન ચરણ માઝી પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રપતિ મુર્મુનો આજે ૬૮મો જન્મદિવસ છે. PMએ પોતાના સંબોધનમાં રાષ્ટ્રપતિ મુર્મુને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું- આજે ઓડિશાની એક દીકરી દેશના આટલા ઊંચા બંધારણીય પદ પર પહોંચીને આપણું માર્ગદર્શન કરી રહી છે. આ આપણા બધા માટે ગર્વની વાત છે.

આ પહેલા પીએમ મયૂરભંજ સ્થિત પહાડપુરમાં રાષ્ટ્રપતિ મુર્મુના સાસરે ગયા હતા. રાષ્ટ્રપતિની સાથે પીએમ પહાડપુર સ્થિત સ્કિલ ટ્રેનિંગ હબ ગયા હતા. ત્યાં વિદ્યાર્થિનીઓ સાથે વાતચીત કરી હતી. PMએ સંથાલ સમુદાયના પવિત્ર સ્થળ સંથાલી જાહેરા અને હો જાહેરામાં પૂજા-અર્ચના પણ કરી હતી.

પીએમ મોદીએ કહ્યું કે રથયાત્રા અને અન્ય તહેવારોની વચ્ચે ઓડિશામાં લોકશાહી અને વિકાસનો પણ ઉત્સવ મનાવવામાં આવી રહ્યો છે. તેમણે રાજ્યની BJP સરકારના બે વર્ષ પૂરા થવા પર અભિનંદન પાઠવ્યા હતા.

મોદીએ કહ્યું કે, ઓડિશાની દીકરી દ્રૌપદી મુર્મુ આજે દેશના સર્વોચ્ચ બંધારણીય પદ પર છે. તેમણે સમગ્ર ઓડિશા અને મયૂરભંજની ઓળખને મજબૂત કરી છે. હું તેમની સાથે પહાડપુર ગયો હતો. મેં ત્યાં બાળકોના ચહેરાની ચમક જોઈ. રાષ્ટ્રપતિ જીને જોઈને બાળકોને એવું લાગતું હતું જાણે તેમની માતા આવી હોય.

વધુમાં તેમણે કહ્યું કે, રાષ્ટ્રપતિ મુર્મુના સાસરિયાના ગામ પહાડપુરને 'સૂર્યપુર સોલાર ગ્રામ' તરીકે વિકસાવવામાં આવશે, જેનાથી ગામની આવક અને સુવિધાઓ વધશે.

મોદીએ કહ્યું કે, ૨૦૩૬માં ઓડિશાની સ્થાપનાના ૧૦૦ વર્ષ અને ૨૦૪૭માં આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થશે. ઓડિશાના વિકાસને વિકસિત ભારતના લક્ષ્ય સાથે જોડતા તેમણે કહ્યું કે, ×ઓડિશા આગળ વધશે, ત્યારે દેશ પણ આગળ વધશે.×

પીએમ મોદીએ કહ્યું કે, રાજ્ય સરકારના બે વર્ષ પૂરા થવા અને મોટી સંખ્યામાં લોકોનું કાર્યક્રમમાં સામેલ થવું તેમના માટે ખાસ છે. પીએમે કહ્યું કે અહીંના લોકોનો સ્નેહ અને આપણાપણું તેમને વારંવાર ઓડિશા આવવા માટે પ્રેરિત કરે છે.

પીએમએ ૬૦૦ મેગાવોટના અપર ઈન્દ્રાવતી પમ્પ સ્ટોરેજ પ્રોજેક્ટ અને IB થર્મલ પાવર સ્ટેશનના સ્ટેજ-II વિસ્તરણની આધારશિલા રાખી હતી. આ વિસ્તરણમાં ૬૬૦-૬૬૦ મેગાવોટના બે નવા યુનિટ સ્થાપવામાં આવશે.

તેમણે ઝારસુગુડાના લખનપુરમાં ભારત કોલ ગેસિફિકેશન એન્ડ કેમિકલ્સ લિમિટેડ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો, જ્યારે ભુવનેશ્વરમાં ૩૦૦ ટન ક્ષમતાવાળા કમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટ અને કાઠાજોડી નદી પુલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાને બૌધમાં ઢાલપુર-હરભંગા રોડ પહોળો કરવાનો પ્રોજેક્ટ, દ્રઉઁ-૩૫૩ના નુઆપાડા-ઘાટીપાડા ફોરલેન પ્રોજેક્ટ અને કુસુમડીહી મેગા લિફ્ટ સિંચાઈ પરિયોજનાની પણ શરૂઆત કરાવી હતી.

આ સિવાય IGNOUના રીજનલ સેન્ટર, રાયરંગપુરમાં ઈન્ડોર બેડમિન્ટન કોમ્પ્લેક્સ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને આદિવાસી સંશોધન કેન્દ્રની આધારશિલા રાખવામાં આવી હતી.

રેલવે ક્ષેત્રમાં ૭૩૨ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનેલા બે મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ દેશને સમર્પિત કરવામાં આવ્યા હતા. જેમાં હિંડોલ રોડ-મેરામાંડલી મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ પણ સામેલ છે, જે ૪૦૯ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.

વડાપ્રધાને બૌધમાં ૩૦૦ બેડની હોસ્પિટલ બિલ્ડિંગ, વિવિધ જિલ્લાઓમાં ૨૪ અટલ બસ સ્ટેન્ડ અને ૯ ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનોનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. સાથે જ NH-57 પર નયાગઢ બાયપાસ અને કુસુમી સ્માર્ટ સિંચાઈ પરિયોજનાની ભૂગર્ભ પાઈપલાઈન જેવા પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું હતું.

### તેહરાન સાથે ડીલ મામલે ટ્રમ્પનું નિવેદન

## 'ઈરાન ખતમ થઈ ગયું છે, તેને કોઈ નાણાં નહીં મળે'

### ટ્રુથ સોશિયલ પરની ઘણી પોસ્ટ્સમાં ટ્રમ્પે રાજકીય વિરોધીઓની ટીકાને ફગાવી દેતા કહ્યું હતું કે, 'યુદ્ધથી ઈરાનની લશ્કરી શકિતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે

વોશિંગ્ટન, તા.૨૦

તેહરાન સાથે ડીલ મામલે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નિવેદન સામે આવ્યું છે. ટ્રમ્પે જાહેર કર્યું કે, ઈરાન ખતમ થઈ ગયું છે અને વચન આપ્યું હતું કે તેહરાનને યુનાઈટેડ સ્ટેટ્સ તરફથી નાણાં મળશે નહીં. તેમણે દાવો કર્યો હતો કે, યુદ્ધે દેશની લશ્કરી ક્ષમતાઓનો નાશ કર્યો છે અને તેને હવાઈ દળ, નૌકાદળ અથવા મહત્ત્વપૂર્ણ ડિફેન્સ સિસ્ટમ વિના છોડી દીધું છે.ટ્રુથ સોશિયલ પરની ઘણી પોસ્ટ્સમાં ટ્રમ્પે રાજકીય વિરોધીઓની ટીકાને ફગાવી દેતા કહ્યું હતું કે, 'યુદ્ધથી ઈરાનની લશ્કરી શક્તિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. યુદ્ધે ઈરાનને નબળું પાડ્યું છે! તેમની પાસે હવે વાયુસેના, નૌકાદળ, વિમાન વિરોધી ઉપકરણો, રડાર કે બીજું કંઈ નથી.'અમેરિકન રાષ્ટ્રપ્રમુખ એ ડેમોક્રેટ્સ પર પણ નિશાન સાધ્યું છે અને એ વાતનો મજાક ઉડાવ્યો કે ઈરાન થોડા મહિના પહેલાની તુલનામાં વધુ મજબૂત સ્થિતિમાં હોઈ શકે છે.ટ્રમ્પે કહ્યું, ડેમોક્રેટ્સ કહે છે કે ઈરાન ચાર મહિના પહેલા કરતાં હવે સારી સ્થિતિમાં છે. શું તમે કલ્પના કરી શકો છો કે તેઓ આમાંથી છટકી જશે? કેટલાક લોકો કેટલા મૂર્ખ હોઈ શકે છે? લડાઈ પછી વોશિંગ્ટન નહીં તેહરાને વાટાઘાટો કરવાનો પ્રયાસ કર્યો હતો. અમે હતાશ થયા નહીં, ઈરાન હતા. તેઓ સમાપ્ત થઈ ગયા છે! યુનાઈટેડ સ્ટેટ્સ તેની વર્તમાન સમયરેખાને વળગી રહેશે અને તેહરાનને કોઈપણ નાણાકીય રાહત આપશે નહીં. અમે ૬૦ દિવસ સુધી રમીશું. તેમને કોઈ પૈસા નહીં મળે, દસ સેન્ટ પણ નહીં!'આ ઘટના ઈરાનની લશ્કરી ક્ષમતાઓ પર સંઘર્ષની અસર અને વોશિંગ્ટન અને તેહરાન વચ્ચેની વાટાઘાટોના ભવિષ્ય અંગે ચાલી રહેલી ચર્ચા વચ્ચે આવી છે.

ટ્રમ્પની ટિપ્પણી તેમના વહીવટીતંત્રના દાવા પર પણ ભાર મૂકે છે કે, ઈરાન પર દબાણના પરિણામો આવ્યા છે. જ્યારે ટીકાકારો પ્રશ્ન કરે છે કે, શું આ વ્યૂહરચના એક મજબૂત કરાર તરફ દોરી શકે છે.બુધવારે સાંજે ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયને ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ફાટી નીકળેલા સંઘર્ષને સમાપ્ત કરવાના હેતુથી ૧૪-મુદ્દાના સમજૂતી પત્ર પર ઈલેક્ટ્રોનિક રીતે હસ્તાક્ષર કર્યા.

### હવામાન વિભાગે કરી દીધી મોટી આગાહી

## ૨૩ જૂનની આસપાસ હવામાનમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે

### દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ફરીથી સક્રિય થઈને અનેક રાજ્યોમાં આગળ વધી શકે છે : ચોમાસું સામાન્ય કરતાં થોડું ધીમું છે

નવી દિલ્હી, તા.૨૦

જૂન મહિનાનું ત્રીજું અઠવાડિયું પૂરું થવા આવ્યું છે, છતાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું હજુ પોતાની રફતાર પકડી શક્યું નથી. આ કારણે દેશના અનેક વિસ્તારોમાં હવામાન વિચિત્ર બની ગયું છે. ક્યાંક વાદળછાયું આકાશ છે પણ વરસાદ નથી, ક્યાંક તોફાન આવે છે પણ ગરમી ઓછી થતી નથી અને ક્યાંક ચોમાસું પહોંચી ગયું છે તો ક્યાંક લોકો હજુ પ્રથમ સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે.

હવામાન વિભાગ (IMD)ની લેટેસ્ટ આગાહી મુજબ, આગામી કેટલાક દિવસો સુધી દેશમાં ગરમી અને વરસાદનું મિશ્રિત વાતાવરણ જોવા મળશે. તેમ છતાં રાહતની વાત એ છે કે ૨૩ જૂનની આસપાસ હવામાનમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે અને દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ફરીથી સક્રિય થઈને અનેક રાજ્યોમાં આગળ વધી શકે છે.

કેમ ધીમું છે ચોમાસું? - હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વખતે ચોમાસું સામાન્ય કરતાં થોડું ધીમું છે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં વેધર સિસ્ટમ નબળી હોવાને કારણે આવું થઈ રહ્યું છે. તેમ છતાં ૧૯ રાજ્યોમાં વાવાઝોડા, વરસાદ, ગાજ-વીજ અને ભારે પવનનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અનેક વિસ્તારોમાં ૫૦થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આનાથી એક તરફ લોકોને ગરમીમાંથી કેટલીક રાહત મળશે, તો બીજી તરફ આકાશી વીજળી અને તોફાનનો ખતરો પણ વધશે. ખેડૂતો, પ્રવાસીઓ અને સમુદ્રી વિસ્તારોમાં રહેતા લોકોને વિશેષ સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી છે.

વિવિધ રાજ્યોમાં સ્થિતિ - દેશભરમાં હવામાનનો આ ફેરફાર માત્ર સ્થાનિક નથી. ચોમાસાની વર્તમાન સ્થિતિની અસર ખેતી, જળસંગ્રહ અને વીજળીની માંગ પર પણ પડી રહી છે. બિહાર, ઝારખંડ અને પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં હજુ સારા વરસાદની રાહ જોવાઈ રહી છે, જ્યારે પૂર્વોત્તર રાજ્યોમાં સતત વરસાદે પૂર જેવી સ્થિતિની આશંકા વધારી દીધી છે. બીજી તરફ રાજસ્થાન, હરિયાણા અને પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં ગરમ હવાઓ અને ભારે આંધીની અસર ચાલુ છે. હવામાન વિભાગનું કહેવું છે કે, આગામી ચારથી પાંચ દિવસમાં પરિસ્થિતિઓ ઝડપથી બદલાઈ શકે છે. હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર, ૨૩ જૂનની આસપાસ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું મહારાષ્ટ્ર, તેલંગાણા, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢના કેટલાક ભાગોમાં આગળ વધી શકે છે. આ તારીખને હવામાન વૈજ્ઞાનિકો ખૂબ જ મહત્વની માની રહ્યા છે. જો ચોમાસાની ગતિ વધશે તો જૂનના અંતિમ અઠવાડિયામાં ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં પણ વરસાદની ગતિવિધિઓ તેજ થઈ શકે છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૦થી ૨૨ જૂન વચ્ચે રાજધાનીમાં વાવાઝોડા અને ભારે ગાજવીજ સાથે હળવા વરસાદની સંભાવના છે. આ દરમિયાન પવનની ગતિ ૫૦થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. આનાથી લોકોને આકરી ગરમીમાંથી રાહત મળી શકે છે. તેમ છતાં તાપમાન હજુ પણ ૩૭થી ૩૯ ડિગ્રી સેલ્સિયસની આસપાસ જ રહેશે. ૨૩ જૂન પછી જો ચોમાસાની ગતિવિધિઓ વધશે તો દિલ્હીમાં પણ વરસાદની સંભાવના મજબૂત બની શકે છે.

બિહારમાં ૨૩ જૂનથી ચોમાસું દમ દેખાડશે - બિહાર માટે આગામી કેટલાક દિવસો અત્યંત મહત્વના માનવામાં આવી રહ્યા છે. હાલમાં પટણા, ગયા, નાલંદા, ભાગલપુર, મુંગેર અને પશ્ચિમ ચંપારણ સહિત અનેક જિલ્લાઓમાં હીટવેવનું યેલો એલર્ટ જારી છે. હવામાન વિભાગનું અનુમાન છે કે, ૨૩ જૂનથી રાજ્યમાં ચોમાસાની સક્રિયતા વધશે. ૨૩થી ૨૫ જૂન વચ્ચે ગાજવીજ સાથે હળવો વરસાદ અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે.

## અયોધ્યામાં સીએમ યોગી આદિત્યનાથની સુરક્ષામાં ચૂક

અયોધ્યા, તા.૨૦

અયોધ્યામાં સીએમ યોગી આદિત્યનાથની સુરક્ષામાં ચૂકનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં અયોધ્યામાં રામ કથા પાર્ક ખાતેના હેલીપેડમાં આગ લાગી હતી. જેની બાદ સુરક્ષાને લઈને સવાલો ઉભા થયા છે. આ અંગે મળતી માહિતી મુજબ શુક્રવારે બપોરે ૨:૪૦ વાગ્યે, મુખ્યમંત્રીનું હેલિકોપ્ટર ચૌધરી ચરણ સિંહ ઘાટ નજીક હેલિપેડ પર સુરક્ષિત રીતે ઉતર્યું હતું. તેમજ તેઓ સરયુ ગેસ્ટ હાઉસ માટે રવાના થયા હતા. આ સમય દરમિયાન અચાનક હેલિપેડની આસપાસની સૂકી ઝાડીઓમાં આગ ફેલાઈ ગઈ હતી. આ અંગે પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે, હેલિકોપ્ટરના ઉતરાણ પહેલાં ઉપયોગમાં લેવાતા ધુમાડાના સિગ્નલમાંથી નીકળતા તણખા ભારે પવનને કારણે આસપાસના સૂકા ઘાસ અને ઝાડીઓમાં ફેલાઈ ગયા હતા. જેના કારણે આગ વધુ તીવ્ર બની હતી. તેમજ હેલિપેડને અડીને આવેલા આશરે ૧૫ મીટરના વિસ્તારમાં આગ ફેલાઈ હતી.

જેમાં પાણીનો ઉપયોગ કરીને આગ ઓલવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જયારે ફાયર વિભાગે ત્યારબાદ તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી.ફાયર બ્રિગેડના અધિકારીઓ અને સુરક્ષા કર્મચારીઓએ સંયુક્ત પ્રયાસ દ્વારા થોડા જ સમયમાં આગ પર કાબુ મેળવ્યો હતો. અયોધ્યાના સીઓ આશુતોષ તિવારીએ જણાવ્યું હતું કે ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર હતી અને આગ ફેલાતા પહેલા જ તેને કાબુમાં લેવામાં આવી હતી. જોકે, મુખ્યમંત્રીના કાર્યક્રમ સ્થળ નજીક બનેલી આ ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

### પાયલોટના દાવાથી ખળભળાટ

## અમદાવાદ પ્લેન ક્રેશ અંગેના રિપોર્ટમાં મહત્ત્વની જાણકારીઓ છુપાવાઈ?

### એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન FIPના અધ્યક્ષ કેપ્ટન સી. રંધાવાએ વિમાન દુર્ઘટના અંગે અનેક ગંભીર મુદ્દાઓ રજૂ કર્યા હતા

નવી દિલ્હી, તા.૨૦

**12**મી જૂન **2025**ના રોજ અમદાવાદમાં થયેલા એર ઈન્ડિયા ફ્લાઈટ **171** ક્રેશ કેસમાં એક નવો અને ચોંકાવનારો વળાંક આવ્યો છે. 'ફેડરેશન ઓફ ઈન્ડિયન પાયલોટ' **(FIP)** દ્વારા તપાસ એજન્સીના પ્રારંભિક રિપોર્ટ પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. આ સંગઠનનો આરોપ છે કે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો **(AAIB)**ના પ્રારંભિક તપાસ રિપોર્ટમાંથી કોકપીટના મહત્ત્વના ડેટા જાણી જોઈને છુપાવવામાં આવ્યા છે.એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન **FIP**ના અધ્યક્ષ કેપ્ટન સી. રંધાવાએ વિમાન દુર્ઘટના અંગે અનેક ગંભીર મુદ્દાઓ રજૂ કર્યા હતા. તેણે મુખ્ય આક્ષેપ કરતા જણાવ્યું કે, 'વિમાનના બંને એન્જિન ફેલ થયા તે પહેલાં તેમાં મોટી ઈલેક્ટ્રિકલ ખામી સર્જાી હતી. આ ખામીના કારણે કોકપીટમાં ઓડિયો ચેતવણીઓ અને મેસેજની આખી શ્રેણી શરૂ થઈ ગઈ હતી. આ તમામ એલર્ટ કોકપીટ વોઈસ રેકોર્ડર **(CVR)**માં નોંધાયેલા છે, પરંતુ **AAIB**ના પ્રારંભિક રિપોર્ટમાં આ ચેતવણી ક્રમને સંપૂર્ણપણે અવગણવામાં આવ્યો છે અથવા છુપાવવામાં આવ્યા છે.'તપાસ એજન્સી **AAIB** દ્વારા સિમ્યુલેટર પરીક્ષણો કરવાનો ઈનકાર કરાતા, પાયલોટ એસોસિયેશને પોતે જ બોઈંગ **787** સિમ્યુલેટર પર **10** અલગ-અલગ પરીક્ષણો કર્યા હતા. આ પરીક્ષણોના પરિણામો સરકારી એજન્સીના દાવાઓથી તદ્દન વિપરીત આવ્યા છે.રેમ એર ટર્બાઈન **(RAT)**નો વિવાદ: **RAT**એ વિમાનનો ઈમરજન્સી પાવર સપ્લાય છે. **FIP**ના પરીક્ષણો દર્શાવે છે કે એન્જિન બંધ થયા પછી **RAT**ને હાઈડ્રોલિક દબાણ સક્રિય કરવામાં **18** સેકન્ડ લાગે છે.સરકારી એજન્સીનો દાવો: જ્યારે **AAIB**ના રિપોર્ટમાં એવો દાવો કરાયો છે કે ફ્યુઅલ સપ્લાય બંધ કરવાની સ્વીચ દબાવ્યાના માત્ર **4** સેકન્ડમાં જ **RAT** કાર્યરત થઈ ગયું હતું.સમયરેખાના આ મોટા તફાવતને જોતા સંગઠને સરકારને પત્ર લખીને માંગ કરી છે કે આ અકસ્માતનો આખરી (ફાઈનલ) રિપોર્ટ જાહેર કરતા પહેલાં **AAIB** પોતે સત્તાવાર રીતે સિમ્યુલેટર ટેસ્ટ કરે.કેપ્ટન રંધાવાએ વિમાનની પૂંછડી **(Tail)**ના ભાગમાં રહેલા ફ્લાઈટ ડેટા રેકોર્ડર **(FDR)**ને થયેલા નુકસાન સામે પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. ક્રેશ પછી વિમાનની પૂંછડીનો ભાગ મોટેભાગે અકબંધ મળ્યો હોવા છતાં **FDR**ને આટલું ગંભીર નુકસાન કેવી રીતે થયું તે એક મોટો સવાલ છે. **FDR** સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક પાવર પર ચાલતું હોવાથી, તેનું ડેમેજ થવું વિમાનના પાવર સપ્લાયની મોટી ખામી તરફ ઈશારો કરે છે.સમગ્ર ઘટનાને સમજાવવા માટે કેપ્ટન રંધાવાએ **2009**ના અમેરિકાના જાણીતા 'મિરેકલ ઓન ધ હડસન' કિસ્સાની યાદ અપાવી હતી. જેમાં કેપ્ટન સુલીએ પ્લેન ખોટકાયા બાદ તેને નદીમાં સુરક્ષિત ઉતાર્યું હતું. તેણે જણાવ્યું કે, 'શરૂઆતમાં અમેરિકી તપાસમાં પણ કેપ્ટન સુલીને દોષી ઠેરવવામાં આવ્યા હતા, પરંતુ **30-35** સિમ્યુલેટર ટેસ્ટ કર્યા બાદ સાબિત થયું હતું કે પ્લેન રનવે પર પાછું આવી શકે તેમ જ નહોતું અને કેપ્ટન સુલી સાચા હતા. કેપ્ટન સુલી તો પોતાનો બચાવ કરવા જીવતા હતા, પરંતુ અહીં (અમદાવાદ ક્રેશમાં) આપણા પાયલોટ મૃત્યુ પામ્યા છે, અને તેમની નિર્દોષતા સાબિત કરવા માટે અહીં કોઈ નથી.'પાયલોટ એસોસિયેશનના આ આક્ષેપો બાદ હવે એવિએશન સેક્ટરમાં ખળભળાટ મચી ગયો છે અને તપાસ એજન્સીઓની પારદર્શિતા સામે મોટા સવાલો ઊભા થયા છે.

21-06-2026_25 Jan Fariyad_New_P-1

# દિલ્હી બનેલી આગની ઘટના બાદ અમદાવાદમાં તંત્ર એક્શન મોડમાં

અમદાવાદ,

દિલ્હીમાં બનેલી તાજેતરની કમનસીબ ઘટના બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) નું તંત્ર સંપૂર્ણપણે એક્શન મોડ પર આવી ગયું છે. શહેરમાં ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરતી હોટેલો સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. ફાયર બ્રિગેડ અને એસ્ટેટ વિભાગની સંયુક્ત ટીમોએ વહેલી સવારથી જ શહેરની વિવિધ હોટેલો પર ધામા નાખીને નોટિસ આપવા તેમજ સીલ મારવાની પ્રક્રિયા અત્યંત તેજ કરી દીધી છે. મળતી માહિતી મુજબ, નવરંગપુરા ફાયર સ્ટેશન વિસ્તારમાં આવેલી હોટેલોમાં આજે વ્યાપક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ફાયર સેફ્ટીના સાધનોનો અભાવ અને નિયમોના ભંગ બદલ તંત્ર દ્વારા હોટેલોને સીલ મારવાની કડક કામગીરી શરૂ કરાઈ છે. આ અગાઉ પણ ફાયર વિભાગે બોડકદેવ અને થલતેજ જેવા પોશ વિસ્તારોમાં ૬ હોટેલોને સીલ મારીને કડક સંદેશ આપ્યો હતો. આજની કાર્યવાહી દરમિયાન મુખ્યત્વે આર કે હોટેલ, ગ્રીન ફોર્ચ્યુન હોટેલ, અને પેસિફિક ઈનફાયર હોટેલ સામે કાયદેસરના પગલાં ભરી તેમને સીલ કરવામાં આવી છે. આ ઉપરાંત ચાંદખેડા અને જમાલપુર વિસ્તારમાં પણ આવી જ રીતે હોટેલો સામે આકરાં પગલાં લેવામાં આવ્યા છે.

કાર્યવાહી દરમિયાન હોટેલ મેનેજરો દ્વારા એવો બચાવ કરવામાં આવ્યો હતો કે તેમની પાસે બિલ્ડિંગનું NOC છે, પરંતુ હોટેલનું વ્યક્તિગત NOC નથી. મેનેજરોએ એવો પણ દાવો કર્યો હતો કે ફાયર વિભાગે સૂચવેલા તમામ સાધનો તેમણે વસાવી લીધા છે. જો કે, સ્થળ પર ફાયર સેફ્ટીની પૂરતી સુવિધા ન હોવાથી અને યોગ્ય ડ્રિલ ન હોવાને કારણે ફાયર અને એસ્ટેટ વિભાગે કોઈ પણ પ્રકારની સાડાબારી રાખ્યા વિના હોટેલોને સીલ કરી દીધી હતી.

અમે આ હોટેલોને સાત દિવસ પહેલાં જ નોટિસ આપીને સ્ટેરકેસ (દાદર) ખુલ્લો કરવા અને જરૂરી ફાયર સેફ્ટીના સાધનો વસાવવા માટે સ્પષ્ટ જાણ કરી હતી. આમ છતાં, નિર્ધારિત સમયમાં નિયમોનું પાલન ન થતાં અને ફાયર ડ્રિલ ન લેવાતાં આજે આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે. લોકોની સુરક્ષા સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન ચલાવી લેવાશે નહીં. કાર્યવાહી દરમિયાન એક રસપ્રદ અને આશ્ચર્યજનક કિસ્સો પણ સામે આવ્યો હતો. એક હોટેલના મેનેજરે સીલિંગની પ્રક્રિયા રોકવા માટે એવું બહાનું કાઢ્યું હતું કે હોટેલના એક રૂમમાં દર્દી રોકાયેલ છે. જો કે, ફાયર વિભાગની ટીમે સતર્કતા દાખવીને તુરંત જ રૂમ ખોલાવીને તપાસ કરી હતી. તપાસ દરમિયાન રૂમમાં કોઈ દર્દી હોવાનું માલૂમ પડ્યું ન હતું. હોટેલ મેનેજર તંત્રને ગેરમાર્ગે દોરવા માટે ખોટું બોલતા હોવાનું સાબિત થતાં અધિકારીઓએ વધુ કડક વલણ અપનાવી તાત્કાલિક હોટેલ સીલ કરી દીધી હતી. તંત્રની આ કડક ઝુંબેશને પગલે શહેરના અન્ય હોટેલ સંચાલકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

## ગ્રહોની બદલાતી ચાલઃ કેનેડામાં આર્થિક મંદીનીચરમસીમા અને પાકિસ્તાનમાં મિલિટરી શાસનનો સંકેત

**Yoggi Astrology** નાં અંક ૧૮૯માં આપ સૌનું સ્વાગત છે. મારા લેખ પ્રમાણે ધરતીકંપ સતત આવી રહ્યો છે, પરંતુ હજુ ફરીથી ૮.૯ની તીવ્રતા વાળો ધરતીકંપ **Nroth, Nrotheast** દિશામાં, અલાસ્કા, રશિયા, અફઘાનિસ્તાન, ઈરાન, ચીન, જાપાન, અમેરિકા તથા કોસ્ટલકોપમાંધરતીકંપથી ઘણી નુકસાની થતી જોવા મળશે. આ ઉપરાંત મંગળનુંતાંડવ હજુ સતત જોવા મળી રહ્યું છે, જ્યાં જોવો ત્યાં જ્વાળામુખી, આગની ઘટના, ઈરાનનો મીડલઈસ્ટમાં એટેક, આઈલેન્ડ, હવાઈ જેવી જગ્યા ઉપર જ્વાળામુખી સતત સક્રિય થઈ રહ્યો છે. મારા લેખમાં ઘણા વખતથી લખી રહ્યો છું કે, યુરોપમાં વિદ્રોહ થતો જોવા મળશે. જે તમે ન્યૂઝમાં જોયું હશે કે બ્રિટન, આઈલેન્ડ જેવી જગ્યા ઉપર આગજની ઘટના બની છે. હવે પછી સપ્ટેમ્બર સુધીમાં યુરોપમાં સતત ઘટના બનતી જોવા મળશે. પાકિસ્તાનમાં ફરીથી આર્મી ટ્રક ઉપર હુમલાથી ૬૦ ટ્રક બળીને ખાખ ગઈ.

હાલ ગુરુ ૨ જુનના રોજ કર્ક રાશીમાં ગયો. રાહુ અને કેતુ ૫ ડિસેમ્બરે પોતાનું રાશિ પરિવર્તન કરશે, કેતુ કર્ક રાશિમાં અને રાહુ મકર રાશિમાં આવશે. આમ જોતાં કેનેડા-અમેરિકામાં આવનાર સમય ઘણો ખરાબ રહેશે. જેમાં લોકોને નોકરી માટે કપરો સમય રહેશે. હજુ કેનેડામાં હાઉસ માર્કેટ હજી ૨૦% ડાઉન થશે. કેનેડાની**GDP**માં સતત ઘટાડો થશે. આથી કેનેડામાંચરમસીમા ઉપર મંદી થતી જોવા મળશે. કાલપુરુષની કુંડળી પ્રમાણે કેતુ ચોથેઆવવાથીઘરોની કિંમત તૂટશે. રાહુ દશમેઆવવાથી ઉદ્યોગ જગત ઉપર લાંબી અસર જોવા મળશે. ઈમિગ્રેશનમાં સતત ફેરફાર થતાં જોવા મળશે. વિદ્યાર્થી વર્ગ માટે સમય સારો નથી. હાલ ખપ્પર યોગ ચાલી રહ્યો છે, તેની સાથે અતિચારી ગુરુ, રાહુ શતભિષા નક્ષત્રમાં, શનિ રેવતી નક્ષત્રમાં, શનિનીનેપ્ચ્યુની યુતિ, મંગળ મેષ રાશિમાં, આમ જોતાં હજુ યુદ્ધ અટકે તેમ નથી. આવનાર સમયમાં, ન્યુક્લિયર હથિયાર પણ વપરાય તેમાં કોઈ નવાઈ નથી અથવા ન્યુક્લિયર લીકેજની ઘટના બનશે. તમે જોયું હશે મેષ રાશિ વાળા દેશો આ યુદ્ધમાં જોડાયેલા છે. મેષ (અ. લ. ઈ.) અમેરિકા, ઈઝરાયેલ, ઈરાન, આ ઉપરાંત મેષ રાશિ વાળા દેશ હજુ આવશે, બે મહિના શાંતિ પછી ફરીથી ઈરાન આક્રમક બનીને કુવૈત, અમેરિકાનાં જેટ ઉપર, તેવી જ રીતે અમેરિકા પણ તેમનો જવાબ આપ્યો. હાલ અમેરિકા ફરીથી ભૂલ કરશે, તે મેં અગાઉના અંકમાં લખ્યું હતું, તે ફરીથી ભૂલ કરી રહ્યું છે. આ ઉપરાંત ટ્રંપ હવે પોતાની ખરાબ બોલી ઉપર આવી ગયા છે. મંગળનાતાંડવમાં**POK**માં ગનથી કેટલીક જાન ગઈ, તેવી રીતે આલ્બેનીયાએ પણ આની શરૂઆત કરી છે. હવે જોતા ફરીથી યુદ્ધનું તાંડવ ૨૮ જૂન સુધી ભયંકર જોવા મળશે હાલ ઈરાનેખાડીનાં દેશો ઉપર હુમલા કર્યો છે. ખપ્પર યોગથી સામૂહિક વિનાશ જોવા મળે છે.

મારા બે મહિના પહેલાના અંકમાં લખ્યું હતું કે, કેતુ સિંહ રાશિમાં હોવાથી સત્તા પરિવર્તન થતું જોવા મળશે તે વાત પાંચ રાજ્યોમાં સત્તા પરિવર્તન થયું. આજની પ્રશ્ન કુંડળી પ્રમાણે વૃશ્ચિક લગ્ન આવ્યું છે, રાહુ ચોથે, પાંચમેમીનમાં શનિ-નેપ્ચુન, સાતમે સૂર્ય-ચંદ્ર, આઠમે બુધ, નવમે ગુરુ-શુક્ર, દશમે કેતુ ત્યારે નવમાંશકુંડળીમાં, છઠ્ઠે શનિ-રાહુ તે વાત સારી નથી. લગ્ન કુંડળીમાંચોથે રાહુ આથી આમ જનતામાં આક્રોશ, તોફાન, ધમાલ, વિદ્રોહ થતો જોવા મળશે. આથી સાઉથના રાજ્ય, બંગાળ, કેરળમાં કોઈ ગતિવિધિ થતી જોવા મળશે. હાલ ગુજરાતથીકુંડળી જોતા નવમાંશસપ્તમેષનો માલિક છઠ્ઠે હોવાથી શત્રુ દ્વારા આ રાજ્યમાં ધમાલ થતી જોવા મળશે. આ ઉપરાંત ભારતની બહાર પાકિસ્તાન માટે સમય સારો નથી. હવે પાકિસ્તાનની એક ભૂલથી તેનો ભોગવવા માટે તૈયાર રહેવું પડશે. પ્રશ્ન કુંડળી જોતાં ૧૫ જૂન થી ૧૫ જુલાઈ સમય ભારે રહેશે, ૧૫ જૂનના રોજ સોમવતી અમાસ હોવાથી ૧૫-૧૬ જૂને રોજ કંઈ આતંક ઘટના થતી જોવા મળશે. પાકિસ્તાન ઉપર ચારે તરફથી યુદ્ધ જોવા મળશે. પ્રશ્ન કુંડળીમાં મંગળ છઠ્ઠે બેઠો છે, આથી આવનાર સમયમાં સાઉથ, બંગાળ, કેરળમાં આર્મી આવી જશે. લોકોએ પોતાનું ઘરબાર છોડીને ભાગવું પડશે, તેમાં ઘણા રાજકીય નેતા વિદેશ ભાગી જશે. આમ દક્ષિણ ભારતમાં મુસ્લિમ તથા ખ્રિસ્તી જાતિના લોકો ઘણી મહિલાઓનો ધર્મપરિવર્તન કરાવશે ત્યારબાદ ત્યાં આગ ભડકશે. હાલ પાકિસ્તાને **POK** ઉપર ગોળીબાર કરીનેસારું કર્યું નથી. આજે આપણે પાકિસ્તાનની કુંડળી જોતાં, મેષ લગ્નની કુંડળી બને છે. જે ચર લગ્નની કુંડળી બનતી હોવાથી કે તેની સ્થિરતા ન બની. ચોથે સૂર્ય, બુધ, રાહુ, શનિ બેઠા છે. કાલપુરુષની કુંડળી પ્રમાણે ચોથું સ્થાન ઘરની સ્થિતી બતાવે છે, હાલ પાકિસ્તાનની દશા શુક્રની ચાલે છે જે ૨૦૨૭ ડિસેમ્બરમાં પૂરી થશે. હાલ શુક્રમાંબુધની દશા ચાલે છે. જે છઠ્ઠાનો માલિક ચોથે બેઠો છે, છઠ્ઠું સ્થાન એ શત્રુ, દુશ્મની બતાવે છે, જ્યારે મંડળ પ્રમાણે આર્મીનું સ્થાન બતાવે છે. આમ શુક્ર-બુધની દશા ઓક્ટોબર ૨૦૨૬ સુધી ચાલશે, આથી અહીં બતાવે છે કે આર્મીનું પ્રભુત્વ પાકિસ્તાનમાં હાલ છે, સરકાર ફક્ત નામની છે. આમ ઓક્ટોબર સુધી **POK** ઉપર અત્યાચાર થતું જોવા મળશે. પરંતુ ત્યાર બાદ શુક્ર-કેતુની દશા આવવાથી**POK** માટે સારા સમાચાર જોવા મળશે. ત્યારબાદ **POK** છૂટું પડતું જોવા મળશે. જેમાં શુક્ર-કેતુની દશા ૨૦૨૭ ડિસેમ્બર સુધી હોવાથી, આ સમય પહેલાં પાકિસ્તાનના ત્રણ-ચાર ટુકડાજરૂરથી જોશો. પાકિસ્તાનની કુંડળીમાંઆઠમે કેતુ બેઠો છે, આથી **POK** અને બલૂચિસ્તાન જરૂર છુટા પડશે. આ ઉપરથી જોતાં પાકિસ્તાન દ્વારા પોતાનો પક્ષ બચાવ કરવા ફરીથી ભારતમાં આતંકવાદી હુમલો ઓક્ટોબર થતો જોવા મળશે.

હાલ મંગળ મેષ રાશિમાં હોવાથી મંગળ પોતાનું તાંડવબતાવે છે. હાલ આગની ઘટના ઘણી જોવા મળી છે. ૨૧ જૂનના રોજ મંગળ વૃષભ રાશિમાં જશે. આમ ૨૧ જૂન સુધી અગ્નિ તાંડવ હજુ જોવા મળશે તમે જોયું હશે હાલ ફરીથી ઈરાન આક્રમક બનીને ફરીથી હુમલો કરી રહ્યું છે. આપણે પાકિસ્તાન ઉપર ચર્ચા આ અંકમાં કરી છે તેના ઉપર ફરીથી વિશે કહેવા માંગુ છું કે પાકિસ્તાનનાં ત્રીજે મંગળ બેઠો છે, ત્રીજાનો સ્વામી બુધ ચોથે બેઠો છે આથી પરાક્રમનો માલિક સૂર્ય, બુધ, શુક્ર, શનિ સાથે બેઠા હોવાથી કે સેનાનું રાજ ઘણીવાર રહ્યું છે, આથી લગ્નેશ મંગળ ત્રીજે હોવાથી તેની આર્મી દેશ ઉપર રાજ કરે છે. જુલાઈમાં ફરીથી શનિ વક્રી થાય છે. મુનીર ફરીથી પાકિસ્તાન ઉપર મિલિટરી રાજ કરશે. પાકિસ્તાન નામ ઉપરથી કન્યા રાશિ બને છે, રાશિ પ્રમાણે સાતમેમીનનો શનિ ગોચર કરી રહ્યો છે, પરંતુ મીનની દ્રષ્ટિ છઠ્ઠેસાતમે પડતી હોવાથી છત્રભંગ યોગ બની રહ્યો છે. આથી સત્તામાં પરિવર્તન જોવા મળશે. આથી આવનાર સમયમાં ભારતે સચેત રહેવું પડશે. ભારતની મંગળમાંરાહુની દશા ચાલે છે. ભારતની કુંડળીમાં રાહુ દશમે છે, આથી ભારતની કુંડળી સાચી હોવાથી પાકિસ્તાનને મોંહતોડ જવાબ મળશે, પરંતુ આ જવાબ આપવા પહેલા તે ખોટુ ન કરે તેની તકેદારી રાખવી પડશે. જૂનનાં અંત સુધી ફરીથી કંઈ આતંકવાદ ઘટના બને તેવી સંભાવના જોવા મળી શકે છે. ગોચરમાં શનિ-નેપ્ચ્યુન હોવાથી ફરીથી લખું છું કે, પાણીની તબાહી જોવા મળશે જેમાં ખાસ કરીને જુલાઈમાં શનિ વક્રી થશે ત્યારે આવી ઘટના ઘણી જોવા મળશે. હજુ ધરતીકંપ, સુનામી, હેરીકેન, વાવાઝોડું, આગની ઘટના, પ્લેન ક્રેશ એવી ઘણી ઘટના બનશે.

**Yoggi Astrology**ની મુલાકાત લઈ તમારા જીવનની સમસ્યા માટે જરૂરથી મુલાકાત લઈ સમય ઉપર તેનું નિવારણ કરાવી લેશો. તમારી કુંડળી ઉપરથી તમારા ગ્રહોનું નિવારણ માટે જરૂરથી મુલાકાત લેશો. મારો સંપર્ક ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ અથવા +૯૧ ૯૭૨૫૮ ૭૭૭ ૮૨ છે.

**Yoggi Astrology**
**Yogesh Gandhi**
**(M.Sc. B.Ed)**
**77, Mission Ridge TR.**
**Brampton, Canada**
**+1-647-286-3734**
**+91 97258 77782**

## અપહરણ બાદ ઢોર માર મારી ટકો કર્યો, નપુસંક બનાવવાનો પ્રયાસ

સાબરકાંઠા,

ઈડરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પોતાના જ સમાજમાં મૈત્રી કરાર કરનાર એક પ્રેમી યુગલનું ખાનગી હોસ્પિટલમાંથી ચપ્પુની અણીએ અપહરણ કરી, યુવકને ક્રૂર અને 'તાલિબાની' સજા આપવામાં આવી હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ થયો છે.

આરોપીઓએ યુવકને કેળના મૂળનો રસ બળજબરીપૂર્વક પીવડાવીને તેને નપુંસક બનાવવાના પ્રયાસ કર્યો હોવાનો ગંભીર આક્ષેપ કરાયો છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, ભોગ બનનાર યુવકે પોતાના જ સમાજની યુવતી સાથે મૈત્રી કરાર કર્યા હતા. આ બાબતની અદાવત રાખીને ઈડરની એક ખાનગી હોસ્પિટલમાંથી આશરે સાત જેટલા શખ્સોએ ચપ્પુની અણીએ આ પ્રેમી યુગલનું બળજબરીપૂર્વક અપહરણ કર્યું હતું. હોસ્પિટલ જેવા જાહેર સ્થળેથી ફિલ્મી ઢબે થયેલા આ અપહરણના પગલે સુરક્ષા સામે પણ સવાલો ઊભા થયા છે.અપહરણકારો યુગલને ધાક-ધમકી આપીને બનાસકાંઠાના વડગામ વિસ્તારમાં લઈ ગયા હતા. ત્યાં યુવકને દોરડા વડે બાંધી દેવામાં આવ્યો હતો અને નવ જેટલા લોકોએ ભેગા મળીને તેને ઢોર માર માર્યો હતો. અત્યાચારની સીમા વટાવતા આરોપીઓએ યુવકના માથાના વાળ ઉતારીને તેને ટાલ કરી દીધી હતી અને શારીરિક તેમજ માનસિક રીતે ભારે ત્રાસ આપ્યો હતો.આ ક્રૂરતા અહીં જ ન અટકી, યુવકે આક્ષેપ કર્યો છે કે આરોપીઓએ તેને કેળના મૂળનો રસ બળજબરીપૂર્વક પીવડાવીને તેને નપુંસક બનાવવાનો ગંભીર પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

### MRP કરતાં વધારે પૈસા લેવા ભારે પડ્યા

## ચોટીલા હાઈવેની પાંચ હોટલોને ફટકારાયો દંડ

### સંયુક્ત ટીમોએ તપાસ હાથ ધરી હતી અને MRP કરતા વધારે પૈસા વસૂલતી હોટલોને ૧૦-૧૦ હજારનો દંડ કર્યો

ચોટીલા,

ગુજરાત સહિત દેશભરના ઘણા વિસ્તારોમાંથી અવારનવાર ફરિયાદો આવે છે કે દુકાનદાર અથવા હોટલ સંચાલક કોઈ વસ્તુના MRP કરતા વધારે ભાવ વસૂલે છે. આવી જ ફરિયાદો સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાથી સામે આવી હતી. જેથી નાયબ કલેક્ટર કચેરી, મામલતદાર કચેરી તથા તોલમાપ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની સંયુક્ત ટીમોએ તપાસ હાથ ધરી હતી અને MRP કરતા વધારે પૈસા વસૂલતી હોટલોને રૂપિયા ૧૦-૧૦ હજારનો દંડ ફટકાર્યા હતો. એટલું જ નહીં, આ હોટલોના સંચાલકોને ફરીવાર આવું કર્યું તો હોટલ સીલ કરવાની ચેતવણી પણ અપાઈ હતી.

ખરેખર, ચોટીલા ડેપ્યુટી કલેક્ટર એચ.ટી.મકવાણાએ ચોટીલા, મુળી અને થાનગઢ તાલુકામાં થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવા માટે વોટ્સએપ નંબર ૮૭૯૯૨૩૧૪૦૪ જાહેર કર્યો હતો. જેના પર ચોટીલા હાઈવે પર આવેલી કેટલીક હોટલોમાં ગ્રાહકો પાસેથી પાણીની બોટલો, ઠંડા પીણા તથા અન્ય ચીજવસ્તુઓના MRP કરતા વધારે રૂપિયા લેવામાં આવતા હોવાની ફરિયાદ આવી હતી.

આ ફરિયાદના આધારે નાયબ કલેક્ટર કચેરી, મામલતદાર કચેરી તથા તોલમાપ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની સંયુક્ત ટીમો બનાવી તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન ચોટીલા હાઈવે પર આવેલી શ્રી રાજ રાજેશ્વરી હોટલ, રાજ મહેલ હોટલ, શ્રી કૃષ્ણા હોટલ, આશાપુરા હોટલ અને બંસી હોટલમાં પાણી, ઠંડા પીણાં તથા અન્ય ચીજ વસ્તુઓના ગ્રાહકો પાસેથી MRP કરતા વધુ રૂપિયા વસૂલવામાં આવી રહ્યા હોવાનું સામે આવતા હોટલ દીઠ રૂ. ૧૦,૦૦૦ મુજબ કુલ રૂ. ૫૦,૦૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. એટલું જ નહીં આ હોટલોના સંચાલકોને ફરીવાર આવું થયું તો હોટલ સીલ કરવાની ચેતવણી પણ આપવામાં આવી હતી.

નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણાએ જણાવ્યું કે, યાત્રાળુઓ, પ્રવાસીઓ અને ગ્રાહકોના હિતો સાથે ચેડાં કરતી કોઈપણ પ્રવૃત્તિ સહન કરવામાં આવશે નહીં. આવનારા સમયમાં પણ આવી સંયુક્ત તપાસો નિયમિતપણે ચાલુ રહેશે અને નિયમોનો ભંગ કરનાર સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

દુકાનદાર કોઈ વસ્તુના MRP કરતા વધારે પૈસા માગે તો શું કરવું? - જો કોઈ દુકાનદાર MRP કરતાં વધારે પૈસા માગે તો તમે આ અંગેની ફરિયાદ National Consumer Helpline (NCH) પર ૧૯૧૫ /૧૮૦૦-૧૧-૪૦૦૦ નંબર પર ફોન કરીને શકો છો. આ હેલ્પલાઈન આખા દેશના ગ્રાહકો માટે છે. અહીં ફરિયાદ કર્યા બાદ તમારી સમસ્યાનું ઝડપથી નિવારણ કરવામાં આવે છે. સારી વાત એ છે કે આ સેવા ૧૭ વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે, જેથી તમે તમારી પોતાની ભાષામાં સરળતાથી વાત કરી શકો. આ ઉપરાંત તમે આ અંગે tolmapahd@gujarat.gov.in પર પણ ફરિયાદ કરી શકો છો. તમે ૮૧૩૦૦૦૯૮૦૯ નંબર પર SMS કરીને પણ ગ્રાહક સુરક્ષાનો સંપર્ક કરી શકો છો.

## રાજકોટ નાગરિક સહકારી બેંક લી. દ્વારા સભાસદોના તેજસ્વી સંતાનો માટે શૈક્ષણિક પુરસ્કાર અને સ્કોલરશીપ યોજના ૨૦૨૬ની જાહેરાત

ગાંધીનગરઃ રાજકોટ નાગરિક સહકારી બેંક લી.ની ગાંધીનગર શાખા દ્વારા એક અગત્યની યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, બેંકના સભાસદોના સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય અને પ્રોત્સાહન માટે ×શૈક્ષણિક પુરસ્કાર વર્ષ ૨૦૨૬× તેમજ ×સ્કોલરશીપ વર્ષ ૨૦૨૬× યોજના અંતર્ગત અરજીઓ મંગાવવામાં આવી છે.

આ યોજના હેઠળ, જે સભાસદોના સંતાનોએ માર્ચ/એપ્રિલ ૨૦૨૬માં લેવાયેલી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને 'છ૧' (એ વન) અથવા 'છ૨' (એ ટુ) ગ્રેડ મેળવેલ છે, તેમને બેંક તરફથી શૈક્ષણિક પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે.

આ ઉપરાંત, ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન પૂરું પાડવાના હેતુથી માર્ચ/એપ્રિલ ૨૦૨૬ની ધોરણ-૧૨ની પરીક્ષામાં **'A1', 'A2', 'B1'** કે **'B2'** ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) પણ આપવામાં આવશે.

નિયમો અને પાત્રતાની વિગતોઃ

શૈક્ષણિક પુરસ્કારઃ ધોરણ ૧૦ અને ૧૨ (માર્ચ/એપ્રિલ ૨૦૨૬) - માત્ર છ૧ અને છ૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ માટે.

સ્કોલરશીપ યોજનાઃ ધોરણ ૧૨ (માર્ચ/એપ્રિલ ૨૦૨૬) - છ૧, છ૨, મ૧ અને મ૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ માટે.

અરજી ફોર્મ મેળવવા તથા જમા કરાવવાની છેલ્લી તારીખઃ

આ યોજનાના નિયત અરજી ફોર્મ તેમજ તેની સવિસ્તાર માહિતી રાજકોટ નાગરિક સહકારી બેંક લી., ગાંધીનગર બ્રાન્ચ ખાતેથી મેળવી શકાશે.

ભરેલા ફોર્મ જરૂરી આધાર-પુરાવા સાથે તારીખ ૨૩/૦૭/૨૦૨૬ સુધીમાં ગાંધીનગર શાખા ખાતે રૂબરૂમાં જમા કરાવવાના રહેશે.

નિયત સમયમર્યાદા બાદ આવેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં. વધુ વિગતો અને પૂછપરછ માટે બેંકના સભાસદોને રાજકોટ નાગરિક સહકારી બેંક લી.ની ગાંધીનગર શાખાનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સવિનય પ્રકાશન અર્થે

આપનો વિશ્વાસુ,

શાખા પ્રબંધક (બ્રાન્ચ મેનેજર)

રાજકોટ નાગરિક સહકારી બેંક લી.

ગાંધીનગર શાખા

## માતા જો સંતાનો માટે એક મમતામયી મૂર્તિ છે તો પિતા એક ધીરજ અને શક્તિ નો પાઠ ભણાવનાર સ્તોત્ર છે

એક સંતાન માટે પિતા હંમેશા જીવન નું પહેલું પગથિયું છે જે તેના જીવન ની દરેક રાહ પર કઈ રીતે આગળ વધવું તેની શિખામણ આપે છે પોતે કરેલા સંઘર્ષો ના અનુભવો થઈ શીખી ને તે તેના સંતાન ના આવનારા સુખભર્યા જીવન ના સપનાઓ ને ગૂંથે છે

દરેક પિતા તેના પુત્ર અને પુત્રી માટે એક એવા સુપરમેન છે જેની સામે ભલભલા ઈશ્વર મેં પણ ઈર્ષા આવે છે. જ્યારે યુવાની માં પગ મૂકતો પુત્ર પિતા ના બૂટ પહેરતો થઈ જઈ ત્યારે સૌથી વધુ ગર્વ તેના પિતા જ અનુભવે છે દરેક પિતા નું સપનું હોઈ છે કે એક દિવસ તેની ઓળખ તેના સંતાનો ના પિતા તરીકે આપવા માં આવે

દરેક દીકરી ને તેના પિતા નો કાળજા કેરો કટકો કહ્યો છે કારણકે તેના જીવન માં તેના પિતા એક એવા સૌ પ્રથમ પુરુષ છે જેના આવ્યા બાદ તે તેમનું પ્રતિબિંબ દરેક પુરુષ માં શોધે છે "ક્યારે આવીશ બેટા ઘરે " આ વારંવાર પૂછવામાં આવતો પ્રશ્ન એક પિતા નો જ હોય છે

જેમ નદી માટે તેનું મૂળ ખૂબ જ મહત્વ નું હોય છે તેમ દરેક સંતાનો ના નામ પાછળ તેના પિતા નું નામ અને કુળ ખૂબ જ મહત્વ નું હોય છે

ગમે તેવો સ્વાભિમાની પિતા પોતાના સંતાન માટે મનગમતી શાળા કે કોલેજ માં પ્રવેશ લેવો હોય કે પછી દીકરી ના સાસરે તેઓ ની અવિરત માંગણીઓ હોય તે પિતા હંમેશા પોતાનું સ્વાભિમાન ગીરવે મુકતો હોય છે

દરેક પિતા નો **Overtime** અને **Bonus** ફક્ત અને ફક્ત પોતાના સંતાનો માટે લખાયેલું હોય છે

પોતાના જીવન ની શરૂઆત એક નાનકડા ઘર થી શરૂ કરી મેં સંતાનો માટે મોટા ઘર ના **EMI** ભરવા નું કામ અંતિમ ક્ષણ સુધી એક પિતા માટે જ લખાયેલું હોય છે

દરેક પિતા ના દરેક સંઘર્ષ અને દરેક ગુસ્સા પાછળ ના અવિરત પ્રેમ માટે શત શત નમન

"રણકાર "

ડૉ. હેમલ. ક. રાવલ- મુંબઈ

## રાજ્યમાં ૬ દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી

અમદાવાદ,

રાજ્યમાં આગામી ૨૬ જૂન સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. આ દરમિયાન ગુજરાતના દરિયાકાંઠે ભારે પવન ફૂંકાવાની આગાહી છે, ત્યારે ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળ કાર્યરત ઈન્ટિગ્રેટેડ કંટ્રોલ રૂમ ફોર ઈમરજન્સી રિસ્પોન્સ(**ICR-ER**) દ્વારા ૨૦ જૂન ૨૦૨૬ના રોજ માછીમારો માટે એક ખાસ ચેતવણી જારી કરવામાં આવી છે. પરિપત્ર મુજબ, રાજ્યના દરિયાકાંઠે આગામી દિવસોમાં ખરાબ હવામાન અને તોફાની પવન રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, ૨૧ જૂન દરમિયાન ગુજરાતના દરિયાકાંઠે અને તેને અડીને આવેલા વિસ્તારોમાં ૩૫થી ૪૫ કિમી પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાવાની શક્યતા છે, જેની ઝડપ અમુક સમયે વધીને ૫૫ કિમી પ્રતિ કલાક સુધી પણ પહોંચી શકે છે. ત્યારબાદ, ૨૩થી ૨૪ જૂન દરમિયાન દરિયામાં પવનનું જોર વધશે, જ્યાં ગુજરાત અને કોંકણના કાંઠે ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે અને વરસાદી ઝાપટાં સાથે આ ઝડપ ૬૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની સંભાવના છે.

આ ખરાબ હવામાન ૨૪થી ૨૫ જૂન સુધી ગુજરાત તેમજ ઉત્તર કોંકણના દરિયાકાંઠે યથાવત્ રહેશે, જેમાં પવનની ઝડપ ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાક અને મહત્તમ ૬૦ કિમી પ્રતિ કલાક સુધી રહેવાની શક્યતા છે. આ ઉપરાંત, અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના અન્ય વિવિધ ભાગોમાં પણ ભારે પવન અને ખરાબ હવામાનની ચેતવણી આપવામાં આવી છે.

ગુજરાતમાં ૩૬,૦૦૦થી વધુ માછીમારી બોટ કાર્યરત છે અને રાજ્યની કુલ માછીમાર વસ્તી અંદાજિત ૫.૮૬ લાખ જેટલી છે. રાજ્ય વાર્ષિક અંદાજે ૭થી ૮.૭ લાખ મેટ્રિક ટન જેટલું મત્સ્ય ઉત્પાદન કરે છે. મત્સ્યોદ્યોગના આ વિશાળ વ્યાપને જોતાં માછીમારોની જાનમાલની સુરક્ષાને લઈને સરકારે ચેતવણી આપી છે.

**Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval**

21-06-2026_25 Jan Fariyad_New_P-2